**(૧૫)**

**પ્ર.૧ (અ) પાઠપૂર્તિ કરો.** સમકિત **પરમત્થ સંથવો વા સુદિટ્ઠ પરમત્થ સેવણા વા વિ** વાવન્ન **(૩×૫)**

**(આ) અર્થ લખો.**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ફલગ | **પાટિયું, પાટ આદિ** | ૨. સંભિમં | **સળેખમ (કફ) થાય** |
| ૩. કેઈ | **કોઈ** | ૪. કુઈએ | **અયત્નાથી ખાંસી ખાવાથી** |
| ૫. અભ્યાખ્યાન | **ખોટું આળ ચડાવવું** | ૬. આકુટ્ટી | **જાણી જોઈને ઈરાદાપૂર્વક** |

**(ઇ) મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે?**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| અણાભોગ મિથ્યાત્વ | **જેમાં બિલકુલ જાણપણું નથી તે** | **૨૫ પ્રકારના મિથ્યાત્વમાં** |
| પંચ મહવ્વય ધારા | **પાંચ મહાવ્રતના ધારક છે** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| વિયટ્ટ છઉમાણં | **છદ્મ અર્થાત્ ઘાતી કર્મથી રહિત** | **સામાયિકના સાતમા પાઠમાં** |

**(ઈ) કયા વ્રતનો કયો અતિચાર લાગે?**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ચોર બજારમાંથી ઘડિયાળ ખરીદી હોય. | **તેનાહડે** | **ત્રીજા વ્રતમાં** |
| રસીલાએ રસથી શેરડી ખાધી હોય. | **તુચ્છોસહિ ભક્ખણયા** | **સાતમા વ્રતમાં** |
| નાગપંચમીના દિવસે નાગની કાંચળીનો વેપાર કર્યો હોય. | **કેસ વાણિજ્જે** | **સાતમા વ્રતમાં** |

**(ઉ)** પાંચમા શ્રમણસૂત્રમાં સાધુ કેવા છે? તે દર્શાવતા મૂળ પાઠ અને તેના અર્થ લખો.

**જ. રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારા – રજોહરણ, ગુચ્છા અને પાત્રાના ધારક છે,**
**પંચ મહવ્વય ધારા – પાંચ મહાવ્રતના ધારક છે,**
**અટ્ઠારસ્સ સહસ્સ સીલાંગ રહધારા – અઢાર હજાર શીલરૂપી રથના ધારક છે,**
**અક્ખય આયાર ચરિત્તા – અક્ષત=પરિપૂર્ણ આચાર યુક્ત ચારિત્રના ધારક છે.**

**(૫૫)**

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે જવાબ લખો.** **(૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૨૫)**

૧. બીજા ગુણસ્થાનની પ્રકૃતિ અને ફળ લખો. (૫)

**જ. બીજા ગુણસ્થાનની પ્રકૃતિ–૧) સાસ્વાદન ગુણસ્થાને અનંતાનુબંધી કષાયની ૪ પ્રકૃતિનો ઉદય અને દર્શન મોહનીયની ૩ પ્રકૃતિનો ઉપશમ હોય અથવા ૨) અનંતાનુબંધી ૪ નો ક્ષયોપશમ અને ૧ મિથ્યાત્વ મોહ.નો ઉપશમ થાય છે. (સિદ્ધાંતના મતે) સાથે મોહનીયની શેષ ૨૧ પ્રકૃતિનો ઉદય હોય છે.**
**ફળ–ઉત્કૃષ્ટ દેશે ઊણું (કાંઈક ઓછું) અર્ધ પુદ્‌ગલ પરાવર્તનમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે. ઉપશમથી પાછા ફરતા જો સાસ્વાદન સમકિત આવે તો એક ભવમાં જઘન્ય એક, ઉત્કૃષ્ટ બે વાર આવે. અનેક ભવમાં ઉત્કૃષ્ટ પાંચ વાર આવે અથવા ન આવે.**

૨. સોળમો દ્વાર લખો. (૪×૫)

**જ. સોળમો જીવ ભેદ દ્વાર – પહેલા ગુણસ્થાને ૧૪ ભેદ, બીજા ગુણસ્થાને ૬ ભેદ બેઈ., તેઈ., ચૌરે., અસંજ્ઞી પંચેન્દ્રિય એ ૪ અપર્યાપ્તા અને સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા. ત્રીજે ગુણસ્થાને ૧ ભેદ સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તા, ચોથા ગુણસ્થાને ૨ ભેદ સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા. ૫ થી ૧૪ ગુણસ્થાને ૧ ભેદ સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તા.**

૩. છટ્ઠા ગુણ. ભાવ, પહેલા ગુણ. કારણ, આઠમા ગુણ. પરિષહ, તેરમા ગુણ. બંધ, ચોથા ગુણ. ચારિત્ર, ચૌદમા ગુણ. ઉપયોગ, સાતમા ગુણ. યોગ, ત્રીજા ગુણ. ક્રિયા કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. છટ્ઠા ગુણ. ભાવ – ૫, પહેલા ગુણ. કારણ – ૫, આઠમા ગુણ. પરિષહ – ૨૧, તેરમા ગુણ. બંધ – ૧, ચોથા ગુણ. ચારિત્ર – ૦, ચૌદમા ગુણ. ઉપયોગ – ૨, સાતમા ગુણ. યોગ– ૯, ત્રીજા ગુણ. ક્રિયા – ૨૪.**

૪. પાંચમા ગુણસ્થાને આત્મા, નવમા ગુણસ્થાને સમકિત, અગિયારમા ગુણસ્થાને અંતર, દશમા ગુણસ્થાને હેતુ કેટલા અને કયા કયા?

**જ. પાંચમા ગુણસ્થાને આત્મા – ૭ ચારિત્ર આત્મા વર્જીને,**
**નવમા ગુણસ્થાને સમકિત – ૨ ઉપશમ અને ક્ષાયિક,**
**અગિયારમા ગુણસ્થાને અંતર – જ. અંતર્મુહૂર્ત ઉ. દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન,**
**દશમા ગુણસ્થાને હેતુ – ૧૦ ૧ સંજવલન લોભ, ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિક.**

૫. દંડક દ્વાર અને સંઘયણ દ્વાર લખો.

**જ. દંડક દ્વાર – ૧ લા ગુણસ્થાને દંડક ૨૪, ૨ જા ગુણસ્થાને દંડક ૧૯ ૫ સ્થાવરના વર્જીને, ૩ જા, ૪ થા ગુણ. દંડક ૧૬ ૫ સ્થાવર અને ૩ વિકલેન્દ્રિય ૮ વર્જીને, ૫ મે ગુણસ્થાને દંડક ૨ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, ૬ થી ૧૪ ગુણસ્થાને દંડક ૧ મનુષ્યનો.**

**સંઘયણ દ્વાર – ૧ થી ૭ ગુણસ્થાને ૬ સંઘયણ લાભે, ૮ થી ૧૧ ગુણસ્થાને ઉપશમ શ્રેણીવાળાને પ્રથમ ૩ સંઘયણ લાભે, ૮ થી ૧૪ ગુણસ્થાને ક્ષપક શ્રેણીવાળાને ૧ વજ્રઋષભનારાચ સંઘયણ લાભે.**

૬. જે ગુણ. યથાખ્યાત ચારિત્ર હોય તે ગુણ.નો સ્પર્શના દ્વાર લખો. જ્ઞાનાવરણીયનો ઉદય કયા ગુણ. સુધી?

**જ. ૧૧ થી ૧૪ ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર. ૧૧, ૧૨, ૧૪ ગુણસ્થાન લોકના અસંખ્યાતમા ભાગને સ્પર્શે. ૧૩ મું ગુણસ્થાન સર્વ લોક સ્પર્શે. જ્ઞાનાવરણીયનો ઉદય ૧ થી ૧૨ ગુણસ્થાન સુધી હોય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. તીર્થંકર નામ કર્મ કેટલા અને કયા ગુણસ્થાને બાંધે?

**જ. તીર્થંકર નામ કર્મ ૪ થી ૮ એ ૫ ગુણસ્થાને બાંધે.**

૨. માત્ર વિરતિના દંડકની જીવાયોનિ લખો.

**જ. પાંચમે ગુણસ્થાને ૧૮ લાખ ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય+૧૪ મનુષ્ય, ૬ થી ૧૪ ગુણસ્થાને ૧૪ લાખ મનુષ્ય.**

૩. સાતમા અને છટ્ઠા ગુણસ્થાને કેટલા જીવ હોય?

**જ. સાતમા ગુણસ્થાને પ્રત્યેક સો ક્રોડ અને છટ્ઠા ગુણસ્થાને પ્રત્યેક હજાર ક્રોડ જીવ હોય.**

૪. માત્ર શુભ લેશ્યા લાભે તેવા ગુણસ્થાન લખો.

**જ. માત્ર શુભ લેશ્યા લાભે તેવા ગુણસ્થાન – ૭ થી ૧૩.**

૫. જઘન્ય એક સમય લાભે તેવા ગુણસ્થાન કેટલા? કયા?

**જ. જઘન્ય એક સમય લાભે તેવા ગુણસ્થાન ૭. ૨, ૬ થી ૧૧ ગુણસ્થાન.**

**(૩) નીચેનામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય? (૫)**

૧. ધર્મધ્યાન – **૪ ગુણસ્થાન ચાર થી સાત**
૨. અધોવિજયથી ૯ ગ્રૈવેયક – **૨ ગુણસ્થાન બીજું અને છટ્ઠું**
૩. વિભંગજ્ઞાન – **૨ ગુણસ્થાન પહેલું અને ત્રીજું**
૪. અસંખ્યાતા જીવ – **૪ ગુણસ્થાન બે થી પાંચ**
૫. ઉપશમ શ્રેણી ક્ષાયક સમકિત – **૪ ગુણસ્થાન આઠ થી અગિયાર**

**(૪) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. એક સમય માત્રમાં ...... અને ...... મોક્ષ જાય છે. | **ઉર્ધ્વગતિ, અવિગ્રહગતિએ** |
| ૨. તેરમે ગુણસ્થાને ...... થતો નથી. ...... થાય નહિ. | **કાળ, પુનર્ભવ** |
| ૩. ...... આદિનું ...... નું સ્થાન તે ગુણસ્થાન. | **જ્ઞાન, ગુણો** |
| ૪. સિદ્ધમાં ...... અને ...... ભાવ હોય છે. | **ક્ષાયિક, પારિણામિક** |
| ૫. જ્ઞાનાવરણીયના ઉદયે ...... અને ...... પરિષહ. | **પ્રજ્ઞા, અજ્ઞાન** |

**(આ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૧)**

૧. નીચેનામાં કેટલા અને કયા પરિણામ હોય? (૪)

જુગલિયામાં જ્ઞાન, ભદ્દેમાં વેદ, તેઉકાયમાં દષ્ટિ, વર્તમાને ભરતમાં ચારિત્ર.

**જ. જુગલિયામાં જ્ઞાન – ૪, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન**

**ભદ્દેમાં વેદ – ૧, પુરુષવેદ**

**તેઉકાયમાં દષ્ટિ – ૧, મિથ્યાત્વ**

**વર્તમાને ભરતમાં ચારિત્ર – ૪, સામાયિક, છેદોપસ્થાપનીય, દેશવિરતિ, અવિરતિ**

૨. અજીવ પરિણામ પદના નામ લખો. (૩)

**જ. ૧) બંધન પરિણામ ૨) ગતિ પરિણામ ૩) સંસ્થાન પરિણામ ૪) ભેદ પરિણામ ૫) વર્ણ પરિણામ ૬) ગંધ પરિણામ ૭) રસ પરિણામ ૮) સ્પર્શ પરિણામ ૯) અગુરુલઘુ પરિણામ ૧૦) શબ્દ પરિણામ.**

૩. ઉત્કારિકા ભેદ અને પરિમંડળ સંસ્થાન એટલે શું? (૨×૨)

**જ. ઉત્કારિકા ભેદ – મસૂર, મગ, અડદની ફળી અને એરંડ બીજના સૂકાવાથી તેમાંથી દાણાં ઉછળીને બહાર નીકળે છે તેમ ઉત્કારિકા ભેદ. પરિમંડળ સંસ્થાન – ચૂડી, બંગડીના આકારે (વચ્ચે પોલાણ હોય તેવું.) જઘન્ય ૨૦ આકાશપ્રદેશ.**

૪. મચ્છરમાં કેટલા અને કયા પરિણામ હોય?

**જ. મચ્છરમાં ૨૪ પરિણામ – ગતિ ૧, ઈન્દ્રિય ૪, કષાય ૪, લેશ્યા ૩ પ્રથમ, યોગ ૨, ઉપયોગ ૨, જ્ઞાન ૨+૨, દષ્ટિ ૨, ચારિત્ર ૧, વેદ ૧.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. લોક ...... અને ...... થી ભરેલો છે. | **જીવ, અજીવ** |
| ૨. ચારિત્ર ...... અને લેશ્યા ...... છે. | **સાત, સાત** |
| ૩. દીર્ઘ ગતિ ......, ...... ગતિ. | **મોટી, લાંબી** |
| ૪. ડાંસમાં ...... અને ...... દષ્ટિ છે. | **સમકિત, મિથ્યાત્વ** |

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વડીલોના અવિનય અને વિનયથી શું મળે?

**જ. વડીલોના અવિનયથી નીચ ગોત્ર કર્મ બંધાય. નીચું કૂળ, નોકરપણું, ગરીબાઈ મળે અને વિનયથી ઊંચ ગોત્ર બંધાય. ઊંચું કૂળ, દેવ–ગુરુ–ધર્મ, ઊંચું પદ, લબ્ધિ અને ધન–સંપત્તિ મળે.**

૨. સંસ્કારોને ન બગાડું તે સમજાવો.

**જ. હું તો જૈન. મેં માતા–પિતા પાસેથી જીવદયાના, જૈનશાળામાંથી ધર્મના, ગુરુ પાસેથી આત્મ કલ્યાણના સંસ્કાર મેળવ્યા છે. આ સંસ્કાર સોનાના ઘરેણાં કરતા કિંમતી છે. માટે હું કુમિત્રોની સોબત ન કરું, દેખાદેખી ન કરું, મર્યાદા ન તોડું. ખાનદાની અને ધર્મને યાદ રાખી જૈનધર્મીને શોભે તેવો વ્યવહાર કરું.**

૩. પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય કેવી રીતે થાય? મારે પુત્રવધૂ પાસે કેમ અપેક્ષા ન રાખવી?

**જ. દેવ, ગુરુ, ધર્મ તથા વડીલો પ્રત્યે હું બહુમાન અને ભક્તિ વધારું જેથી પૂર્વે બાંધેલા કર્મનો ક્ષય થાય. પાંચમા આરામાં મારો જન્મ થયો એનો અર્થ જ એ કે મારા એટલા સારા પુણ્ય છે જ નહિ માટે જ પુત્ર કે પુત્રવધૂ પાસે મારે અપેક્ષા ન રાખવી.**

૪. માનને વિનયભાવથી બચવાની સાધનાના માત્ર મુદ્દાના નામ લખો.

**જ. ૧) મને જે મળ્યું તે મારું નથી, પહેલા હતું નહીં, પછી રહેવાનું નથી. ૨) આત્મ પ્રશંસા ન કરું, પરનિંદા ન કરું. ૩) હુકમો ન ચલાવું, પરિસ્થિતિ સ્વીકારું. ૪) યોગ્ય પાત્રને પ્રોત્સાહન આપું, પુણ્યને પડછાયો માનું.**

**૫) પ્રશંસાને કીચડ માનું ! વિનયને વર્ધમાન બનાવું ! ૬) ઉપકારીના ઉપકાર પ્રગટ કરું, અપકારી પર ઉપકાર કરું.**

૫. અપેક્ષા ક્યારે તૂટે છે? સુખી થવા શું કરવું? જતું ક્યારે કરી શકાય? ક્રોધથી મનનું શું નુકશાન થાય છે?

**જ. અપેક્ષા પ્રમાણે કોઇ કામ ન કરે, જવાબ ન આપે અથવા પોતાનું ધાર્યું કરે ત્યારે તૂટે. સુખી થવા માટે અપેક્ષા ન રાખવી. વસ્તુ અને કામ કરતા વ્યક્તિ પ્રેમ વધે તો જતું કરી શકાય. ક્રોધથી મનનું નુકશાન – અશાંતિ, ઉદ્વેગ, અજંપો, આર્તધ્યાન.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાશતક પાસે કેટલી સંપત્તિ હતી?

**જ. મહાશતકે ૮ કરોડ કાંસ્ય પ્રમાણ સોનામહોર સુરક્ષિત ખજાનામાં, ૮ કરોડ ઘરના વૈભવમાં, ૮ કરોડ કાંસ્ય પ્રમાણ સોનામહોર વ્યાપારમાં રાખી હતી. ૮ વ્રજ, ગોકુળ હતા. પ્રત્યેક ગોકુળમાં દશ દશ હજાર ગાય હતી. આમ મહાશતલ પ્રચુર ધન–સંપત્તિના સ્વામી હતા.**

૨. રેવતીએ મહાશતકને શું કહ્યું?

**જ. રેવતીએ મહાશતકને કહ્યું કે, ધર્મ, પુણ્ય, સ્વર્ગ, મોક્ષની કામના, ઈચ્છા તથા ઉત્કંઠા રાખનારા શ્રમણોપાસક મહાશતક ! તમે મારી સાથે મનુષ્ય જીવનના વિપુલ વિષયસુખ કેમ ભોગવતા નથી? હે દેવાનુપ્રિય ! તમે ધર્મ, પુણ્ય, સ્વર્ગ તથા મોક્ષથી શું પ્રાપ્ત કરશો? તમને વ્રત પાલનના ફળ સ્વરૂપે વિલાસથી અધિક શું મળશે?**

૩. શક્રેન્દ્રએ રયણાદેવીને શું કાર્ય સોંપ્યું?

**જ. આ લવણસમુદ્રમાં ૨૧ વખત ચક્કર મારો. ૨૧ વખત ફરતા ફરતા તેમાં જે ઘાસ, પાંદડાં, કાષ્ઠ, કચરો, અશુચિ, સડેલી વસ્તુઓ વગેરે દેખાય તે ઉપાડીને નિર્જન સ્થાને ફેંકી દો અર્થાત્ લવણસમુદ્રને ૨૧ વખત સાફ કરો.**

૪. ભગવાન મહાવીર ક્યાં પધાર્યા? જિનપાલે દેશના સાંભળી શું કર્યું?

**જ. ભગવાન મહાવીર ચંપા નગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. જિનપાલે દેશના સાંભળીને દીક્ષા અંગીકાર કરી, ૧૧ અંગોના જ્ઞાતા થયા. એક માસનો સંથારો કરીને સુધર્મ કલ્પમાં બે સાગરની સ્થિતિવાળા દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી તે ભવિષ્યમાં ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારી સિદ્ધ થશે.**

૫. કોણ બોલે છે? કોને કહે છે? ૧) નિર્જન સ્થાનમાં ફેંકી દઈશ. – **રયણાદેવી માકંદી પુત્રોને કહે છે.**

૨) ધર્મ આરાધનામાં તેઓ લીન છે. – **ભગ. મહાવીર ગૌતમ સ્વામીને કહે છે.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. જેની ચામડી **તડતડ ઉતરે, તો યે હૃદયે ન રોષ લગીરે,**
**એવા ખંધક મુનિ, બહુ સમતાના ગુણી...મહાસંત...ક્યારે થઈશું?**
**માથે માટીની પાળ બનાવી, નાંખી અંગારા દીધા જલાવી,**
**એવા ગજસુકુમાલ, સમરસના** ભંડાર.

૨. ભ્રમમાં **જીવે છે દુનિયા, દુનિયાથી જુદું જીવવું છે, માને છે જુદું દુનિયા, દુનિયાથી જુદું જીવવું છે...ભ્રમમાં...**
**મનડું કહે છે મારાથી થાય છે, પ્રભુ કહે છે થવાનું થાય છે,** પ્રભુનું કહ્યું કરવા.

૩. લડતો'તો **ને પડતો'તો, વળી ચોધાર રડતો'તો, દુઃખથી બચવા માર્ગ મને ત્યાં, એકે ય ના જડતો'તો,**
**વૈતરણીના પાણી પીવા ત્યાં, હવે** નથી જવું.

૪. નાટકીયા **જેવું છે હે પ્રભુ, આખું જીવન મારું, પોપટની માફક ઉચ્ચારું, નામ પ્રભુ હું તારું,**
**જન્મ મરણનો ફેરો મારો, કેમ કરી** ટળવાનો.